સાલ : ૧૨ / સિલસિલાવાર નંબર : ૧૨૬ / શુમારો : ૬ કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. ઝીલ્કાદ-ઝીલ્હજ્જ ૧૪૩૬ / સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૧૫

આર્ટ ઑફ લિવિંગ - The Art of Living

*** ઝિંદગીનો શું મકસદ છે અને તે કઈ તરહની છે :**

અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં ઝિંદગીની બે કિસ્મ બયાન કીધી છે, એક દુનિયાની અને બીજી આખેરતની ઝિંદગી. દુનિયાની ઝિંદગીને ધોકાબાઝી અને ફરેબના સામાનવાલી કહી છે અને આખેરતની ઝિંદગી અને તેના ઘરમાં રેહાઈશને હકીકતમાં સાચી, હમેશાની, જીવતી-જાગતી ઝિંદગી કહેવામાં આવી છે, અગર ઈન્સાન તેને બરાબર જાણે અને સમઝે તો. અલ્લાહના મુમિન બંદાઓ માંથી મરદ અને બૈરો જો નેક અમલ કરે તો જ અલ્લાહતઆલા એની ઝિંદગીને પાકીઝા બનાવે અને એના આઅમાલના સવાબની ખુશગવાર અને પૂરેપૂરી જઝા આપે. આખેરતની ઝિંદગી અક્લથી ખયાલમાં લેવામાં આવે છે અને દુનિયાની ઝિંદગી પૂરી થાવા બાદ ઈન્સાન તેને પરામે છે. જહાઁ તક દુનિયાની સફર તમામ થાતી નથી અને ઈન્સાન મૌતની મંઝિલ પર પહોંચતો નથી વહાઁ તક આખેરતની ઝિંદગીની કૈફીયત અને તેની નેઅમતો પરામાતી નથી. દુનિયાની ઝિંદગી ઈન્સાનની નઝરને સામે છે અને તેની નેઅમતો ઈન્સાનને ઘણી જ પ્યારી અને લુભાવનારી લાગે છે, જેના મકર અને ધોકેબાઝીની ચાલ અને જાલમાં તે ફસાઈ જાય છે. લેહાઝા દુનિયાની ઝિંદગીને જ તે તેની ઝિંદગીનો મકસદ અને કમાણી સમઝી બેસે છે. હકીકતમાં અલ્લાહતઆલાએ ઈન્સાનને દુનિયામાં હમેશા રહેવા વાસ્તે તો પૈદા કીધો જ નથી. આ દુનિયાની ઝિંદગી તો એક પુલની મિસિલ છે જે પરથી ઈન્સાન ગુઝરે છે તો એક જગાથી બીજી જગા પર પહોંચી જાય છે. **ઈન્સાનની પૈદાઈશ તો ખુદાની ઈબાદત વાસ્તે જ છે.** આ આસ્માન-ઝમીન અને જે ચીઝો આ બેવેના દરમિયાન છે તે રમતબાઝી અને ખેલકૂદનો સામાન નથી. અલ્લાહતઆલાએ ઈન્સાનને અને ઝમીનો આસ્માનની મખ્લૂકને બેકાર અને બિલા ઈરાદા પૈદા નથી કીધા.

આ ઝિંદગી ઈન્સાનને વાસ્તે ઘણી જ કીમતી નેઅમત છે, જેના હિસાબ-કિતાબ બગૈર તેને લગામ બગૈરના ઘોડા મુજબ છોડી દેવામાં નહીં આવે. પણ અલ્લાહતઆલા ચાહે છે કે, હરએક શખ્સ આ દુનિયામાં પાકીઝા અને કામિયાબ ઝિંદગી જીવે અને એકબીજા પર ફખરની સરસાઈમાં અને માલો ઔલાદની ઝિયાદતીના દલદલમાં ખૂંપી ન જાય અને ખપ્પરમાં હોમાઈ ન જાય.

*** ઈન્સાન અશરફ છે અને એનું Perfection :**

ઈન્સાન અશરફૂલ મખ્લૂકાત છે, અલ્લાહની તમામ પૈદાઈશ કરતા તે તરકીબ-બંધારણમાં આઅલા, અફઝલ, આકિલ, કામિલ અને તમામ છે. તેની પૈદાઈશમાં અલ્લાહતઆલાએ તેના જિસ્મના હર આઅઝાને તેની મુનાસિબ જગા પર મુકીને ખાસ કામ સિપુર્દ કીધું છે, જે નેઅમતથી બીજા હયવાનાત અને મખ્લૂકાત મહેરૂમ અને ખાલી છે. ઈન્સાન અક્લી, ઝહેની અને જિસ્માની તૌર પર કામિલ હોવાના સબબ તેની ઝિંદગીની રાહો રવિશ અને હર ફનની ખૈર-ખૂબીમાં તેનામાં કમાલ હોવો ઝરૂરી છે. આ કમાલ ઈન્સાનને બખ્શવા વાસ્તે અલ્લાહતઆલાએ લોગો માંથી નબી-રસૂલને પસંદ કીધા જે તમામથી અકમલ, અશરફ અને આઅઝમ હોય છે. અક્લ, ઈલ્મ અને અમલના પૈમાનામાં એની અફઝલીયત અને ઈન્તેખાબ હોય છે, જેથી લોગોને દરમિયાન ઈલાહી પૈગામ, રિસાલત-શરીઅત લઈને જાય છે અને એ હયાતે તૈયેબહ-પાકો સાફ ઝિંદગી બસર કરવાની હિદાયતોં આપે છે, જેને આર્ટ ઑફ લિવિંગમાં પરફેક્ટ લિવિંગ કહી શકાય છે.

ઈરશાદે ખુદાવંદી છે કે, **" અય ઈમાનદારો! તમેં અલ્લાહ અને તેના રસૂલને કુબૂલ કરો અને જે વક્ત તમને તે દાઅવત આપે તો તેની ઈત્તેબાઅ કરો, કહ્યા મુજબ ચાલો, જેથી તમને હકીકતમાં ઝિંદા કરે. "** ઈન્સાનની ઝિંદગી એકલી

(બકીયાહ પેજ નં. ૨ પર)

મહબ્બત સિવાય દીનનો વુજૂદ નામુમ્કિન છે.

(પેજ નં. ૧ નું બાકી)

દુનિયા સાથે તઅલ્લુક રાખતી નથી, મગર તેની ઝિંદગીને ત્રણ હિસ્સાઓમાં તકસીમ કરવામાં આવેલી છે. ૧) વિલાદત પહેલાની ઝિંદગી (**Physical Perfection of Human Body in Mother's Womb**) - **First Perfection.** ૨) વિલાદત બાદ દુનિયાની ઝિંદગી મૌત તક (**Spiritual and Practical life with actions in this World**) - **Second Perfection.** ૩) મૌત બાદની આખેરતની ઝિંદગી (**Life after Salvation and the reward of the actions**) - **Third Perfection.**

*** ઈન્સાનનો કમાલ :**

પહેલો કમાલ - **First Perfection** માં વાલેદૈનની ઘણી અઝીમ ઝિમ્મેદારી અને આઅલા કિરદાર હોય છે. હમલના પહેલા મરહલાથી લઈને વિલાદત-પૈદાઈશના વક્ત તક વાલેદૈનના અખ્લાક, ચાલ-ચલન, બોલચાલ, જમન-પાની, દીનદારી-ઈબાદતના અસરાત એના પેટમાં રહેલા હમલ પર કાઈમ થાય છે. યાઅની ઈન્સાનની ઝિંદગીની કૈફીયતની ઈબ્તેદાની બાગદોડ અને કંટ્રોલ અલ્લાહતઆલાએ પહેલા મરહલામાં વાલેદૈનના હાથમાં થમાવેલો છે. જેને મદ્દે નઝર રાખીને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **"નેકબખ્ત શખ્સ તેના માઁના પેટ માંથી જ નેકબખ્તી લઈને નિકલે છે. ભૂંડા અને બુરા શખ્સની ખરાબીની શુરૂઆત તેના માઁના પેટ માંથી જ થાય છે."** તો ચંદ લોગોનું કહેવું છે કે, સદગુણી, સદાચારી, વિવેકશીલ, તંત્રનિષ્ઠ, સુવિચારિક, સદવચનીની ખાસીયત ઔલાદમાં તે વક્ત પૈદા થાય છે જે વક્ત માઁ માં ઝિંદગીનો પાકો પાયો, રહેવાનું પાકું મકાન, એક મુદ્દત વાસ્તે સરળ રહેઠાણના સબક લીધા પછી ચોક્કસ પ્રયાણ યાઅની કે મઆદ-આખેરત તરફ જાવાનો રસ્તો હોય.


બીજો કમાલ - **Second Perfection,** તે દુનિયાની ઝિંદગીમાં મકામના સાહેબ યાઅની કે ખલીફતુલ્લાહ, રૂહાની રહેનુમાની બયઅત-મીસાક લીધા બાદ ઈન્સાનના દિલમાં ઈલાહી નૂરનું નુક્તું ઉતરવું છે. તે બાદ ઝમાનાના દાઈ-હાદી સાથે રહીને શરીઅત, તરીકત અને અઝીમતનું ઈલ્મ હાસિલ કરીને તેના પર કુલ્લી તૌર પર અમલ કરી સૂરતે નૂરાનીયહ બનાવવાનું છે કે, હયાતે તાહેરહની એક ઝલક અને હિસ્સો છે. જહાઁ તક ઈલ્મે ઈલાહીની માઅરેફત મુજબ અને હાદીના સબક મુજબ ઈન્સાન અમલ કરતો નથી ત્યાં તક તે નૈક મુમિન બની શક્તો નથી. તેની નફ્સ નફ્સે આલેમહ-નાતેકહ બનીને રૂહાનીયતના ઝૈવરથી આરાસ્તા થઈ શક્તી નથી. તેની ઝિંદગી ખાસેરહ-નુકસાનવાલી, નાકિસ-કાસિર રહે છે જેના સબબ તેને નજાત હાસિલ થઈ શક્તી નથી અને આખિરકાર તેની ઝિંદગી પર નાકામિયાબી અને નાફરમાનીનો સિક્કો વાગી જાય છે.

ત્રીજો કમાલ - **Third Style of Perfect Living is in the life Hereafter** કે જેને દારૂલ આખેરતની ઉખ્રવી ઝિંદગી યાઅની કે મઆદની પહેલી મંઝિલથી માઅરેફત થાય છે. આ મરહલો ઈન્સાનની દુનિયાવી ઝિંદગીનો આખિરી મરહલો અને ઉખ્રવી કાઈમી-દાઈમી ઝિંદગીનો પહેલો મરહલો છે, કેમકે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **"દુનિયામાં તો લોગો સુતેલા છે, તેઓને જે વક્ત મૌત આવે છે તો ગફલતની ઉંઘ માંથી જાગે છે."** આ દુનિયાની ઝિંદગી કૈદખાનાની મિસિલ છે અને ઈન્સાનને મૌત આવે છે તો તેની જાનનો ઈન્તેકાલ થાય છે યાઅની જિસ્મના કૈદ માંથી નિકલીને ખુલી ફિઝામાં જાય છે અને તેના જિસ્મના અનાસિર-ઘટકો અને અરકાન ખાકમાં મિલી જાય છે. આ ઉખ્રવી ઝિંદગીનો દારો-મદાર દુનિયાવી ઝિંદગીમાં ઈન્સાન તકવાનો સામાન અને તૌશો કેટલો તૈયાર કરે છે તેના પર છે. તો "આર્ટ ઑફ લિવિંગ"યાઅની ઉમ્દામાં ઉમ્દા ઝિંદગી બસર કરવાનું ફન અને દુનિયામાં મુમિનની રવિશ આ ત્રણે મરહલા પર મુન્હસિર છે, ટીકેલી છે. આગલા બે મરહલાની મહેનત અને મશક્કત તેમજ જિદ્દો જેહદનું ફલ, કમાણી અને જઝા કબરમાં આલમે બરઝખમાં અને કેયામત-બાઅસત બાદ જન્નતે દાનીયહમાં તેના રૂહાની ચઢાણ બાદ તેને મિલનાર છે.

(બકીયાહ પેજ નં. ૩ પર)

અહલુલ બૈત (અ.સ.) ની મહબ્બત રાખવી ઈમાનની હકીકતો માંથી છે.

લફ્ઝી કશ-મ-કશ



❋ **ઉભી તરકીબ :**

૧) મુમિન પર વાજિબ છે કે, કોઈપણ દરજાના સાહેબના રૌઝહ મુબારકહમાં જાય તો _____ મુબારક પર આવીને કિબ્લા-રૂખ થઈને તાઅઝીમનો સજદો બજા લાવવો જોઈએ. (૨)

૨) હર _____ ની બુનિયાદ નિય્યત પર હોય છે. (૩)

૩) ૪૪ માં મૌલાનલ મુકદ્દસ બાવાજી સાહેબ, મઝારે યુસૂફીના સાયામાં _____ થયેલા છે. (૩)

૭) હર રોઝાદાર વાસ્તે શહરૂલ્લાહ બાદ _____ ની ખુશી હોય છે. (૨)


❋ **આડી તરકીબ :**

૨) મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) નો લકબ છે "અલ્લાહના શેર", તો શેરને અરબીમાં શું કહે છે? _____ (૩)

૪) સૂરતુલ બકરહની ઈબ્તેદા તૂટેલા હુરૂફથી થાય છે, તે હુરૂફમાં વચલો હરફ કયો છે? _____ (૨)

૫) ભલો શખ્સ તે છે કે ભલાઈ કીધા બાદ કોઈ ફાયદો કે _____ ની ઉમ્મીદ ન રાખે. (૨)

૬) જે શખ્સ પર ખુદાની લાઅનત પડે તેને _____ કહે છે. (૩)



સહી જવાબ આપનાર : મરિયમ એમ. ફોટોગ્રાફર

ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-

નોંધ : કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર ઝુલહિજ્જહ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેને એક યાદગાર તોહફાથી નવાઝવામાં આવશે.

(પેજ નં. ૨ નું બાકી)

આ ઈન્સાન અલ્લાહને વાસ્તે જ છે અને તેના તરફ જ તેને પલટવાનું છે, પલટીને તેના અસલ તરફ જાવાનું છે. આ તમામ સફરને જ્યાંથી ઈન્સાન નિકલો તેના ઈબ્તેદાથી લઈને જ્યાંથી તે આવો ત્યાં તરફ મઆદની ઈન્તેહા તરફ તમામ **Stages**- મરહલાઓને **Process of Living** કહેવામાં આવે છે. મુમિન બંદો આ તમામને બરાબર સમઝે અને ઝહેનમાં લે અને ઝિંદગીનો મન્સૂબો બનાવે તેને સહી માઅનામાં "**Art of Living**" કહે છે.

❋ **Man is Supreme And Final Creation of Allaah Ta'aala with Perfection in Intelligence, Knowledge & Potential to become Farishta after his Death.**

❋ **Art of Living is an Art which a Common Man can do but an Art of Perfect Living is an Art which only A Mumin can do.**

❋ **An Art of Perfect Living is based on a Prophet, Preacher, Divine Book & Pure Deeds which we have got in form of Mohammad (saws) & Qur'an.**

❋ સૈયેદના વ મૌલાના હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ને ૭ શવ્વાલુલ મુકર્રમ ૧૪૩૬, જુમેરાતે આર્ટ ઑફ લિવિંગ (વડોદરા સર્કલ) ના સાહેબો તરફથી ઝિંદગીના ફન પર લેકચર આપવા વાસ્તે દાઅવતે ખાસ આપવામાં આવી હતી. તેમના સેન્ટર પર આપ દાઅવતના રિસાલા સાથે પધારા હતા. જે આપે બયાન ફરમાવું હતું તેમાંથી ચંદ નુક્તાઓ યહાઁ પર આ મકાલામાં પૈશ કરવામાં આવા છે. ✯

ખાલિકે અકબરની ઈબાદત, મહબ્બતનો એક હિસ્સો છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસૂલ ખાસ
મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૨૯

-::: કેયામતની નિશાનીઓ :::-

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે વક્ત મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) ને કેયામત આવવા પહેલાની હકીકતો બયાન કરે છે તો અપની નઝરના સામે એવા ખૌફનાક મંઝરો ઉભા થઈ જાય છે કે એમ લાગતું હોય કે, બસ! કેયામત અન કરીબ જ છે. કેયામતની નિશાનીઓ માંથી રોઝ-બ-રોઝ એવા વાકેઆત બની રહ્યા છે કે, અપનું સર શરમથી ઝુકી જાય. ઈન્સાનના રવૈયા અને વહેવાર હૈવાન કરતા બદતર થઈ ચુકા છે અને એવા બિગડેલા માહૌલમાં ઝિંદગીની રવિશને નૈકોકારી પર સાબિત રાખવી મુમેનીન વાસ્તે ખૂબ દુશ્વાર બની ગયું છે.

નબી સાહેબ ઔર મઝીદ મૌ. સલમાનને ફરમાવે છે કે, **"ખાઈન-ખયાનત કરનારને અમીન-અમાનતદાર સમઝવામાં આવશે અને અમીનને ખાઈન સમઝવામાં આવશે."** ખાઈન એની ચાલાકીથી એવી રીતે ખયાનત કરશે કે એના ગુનાહને છુપાવવા એના પાસે હર સવાલના બનાવટી જવાબ તૈયાર હશે. એવી સફાઈથી ગબન-ચોરી-ખયાનત કરશે કે સામેવાલા શખ્સને એમ લાગે કે, એ શું અમાનતદારીથી કામ કરે છે. પણ હકીકત કઈ જુદી જ હોય. એનું કરવું અલગ હોય છે અને બતાવવું અલગ હોય છે. **ખાઈન અમીનનો લિબાસ પહેરીને પોતાની અસલી સૂરતને છુપાવવામાં માહિર હોય છે.** જે અમાનત ખાઈનને નઝદીક હોય એ તેમાં કયા વક્ત પર શું કરશે તે કહેવું મુશ્કિલ હોય છે.

આજના વક્તમાં અમાનતદાર હોવું એક મોટી સઆદત છે. દાઅવતે હક્ક, દોઆતને નઝદીક અમાનત છે અને આ અમાનત ઈમામુઝઝમાન (અ.સ.) ને અદા થાશે. અમીન તેને કહેવાય કે, જે અમાનતને તેના માલિક તરફ વાલી દે. રસૂલુલ્લાહ બાવાજીની અમાનતદારી મક્કામાં મશહૂર હતી. લોગો આપને "અમીન" ના લકબથી પુકારતા હતા. આપના બાદ આપના જૉંનશીન અને વસીએ આઅઝમ મૌ. અલી એ તરહ અમીન બના કે, આપની હિજરત બાદ મક્કામાં અને આપના ઈન્તેકાલ બાદ મદીનામાં નાનામાં નાની અમાનતને અદા કીધી. આલે મોહંમદ (અ.સ.) ના **હર ઈમામ પોતાની ઝાતે પાકમાં અમીન હતા** અને આપના દોઆત જે આજ તક સિલસિલાવાર જારી છે તે અમીન બનીને ઈમામુઝઝમાન (અ.સ.) ની આ દાઅવતની અમાનતને સંભાલી રહ્યા છે. દોઆતે હક્ક પોતાના હર કલામમાં મુમેનીનને અમાનતદારીના સબક આપે છે અને ખયાનતથી પરહેઝ કરવાની તાકીદ કરે છે.

પણ જેમ જેમ ઝમાનો જાશે તેમ તેમ અમાનતદાર પર દુનિયાના લાલચી લોગો ઈલ્ઝામ મુકશે, ચોરીની તોહમત મુકશે અને બિલા વજેહ અમીનની ઈઝઝતને સરે આમ ઉછાલશે. અમીન ખામોશી ઈખ્તેયાર કરશે અને ખાઈન એની ટોલી સાથે બિલા ખૌફ મઝા ઉડાવશે. ✯

રૌઝે કેયામતની ઝમીન

તીસરા ફાતેમી ઈમામ મૌલાના અલી ઝૈનુલ આબેદીન, સૈયેદુર રાકેઈના વસ સાજેદીન (અ.સ.) ફરમાવે છે કે, "કેયામતના દિન આ ખલ્કમાં પૈદાઈશની શુરૂઆત નવા તૌર-તરીકાથી થાશે. આ પુરાની ઝમીનના બદલામાં બીજી નવી ઝમીન અને આ તહેસ-નહેસ થયેલા આસ્માનના બદલામાં બીજું નવું આસ્માન પૈદા થાશે. એવી ઝમીન ખુદાતઆલા પૈદા કરશે કે, જેના ઉપર કોઈ ગુનાહ થયો ન હશે. તે ખરાબી, બદી કે નાપાકીથી પાકો સાફ હશે. **આ ઝમીન ખુલ્લી, કુશાદહ, નરમ અને ફેલાયેલી હશે.** તેના પર ન પહાડો, ન દરખ્તો, ન ખાડાઓ, ન કે પત્થરોં હશે. બલકે, એક નવી જ તાઝા ઝમીન તે સૂરત પર હશે કે, હમણા જ તેને બિછાવવામાં આવી હોય. આ ઝમીનમાં ન તો વાંકાશ હશે, ન તો કોઈ ઊંચાઈ હશે યા કોઈ નિશાની હશે, પણ તે બિલકુલ સાફ શફ્ફાફ હશે. થોડા વક્ત બાદ આ ઝમીન ઝબરજદની થાવા લાગશે યાઅની લીલી થઈ જાશે. ખુદાતઆલાના અર્શના જમણી જાનિબથી ઝમીન ફેલાવવાની શુરૂ થાશે અને તે અર્શના સાયામાં હશે. કેયામતા દિન ઝમીન પણ નિરાલી અને આસ્માન પણ નિરાલું."

ચોથા ફાતેમી ઈમામ મૌલાના મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, બરૌઝે કેયામત આ જૂની ઝમીનના

(બકીયાહ પેજ નં. ૫ પર)

૯ – (નવ) બુરી ખસલતો

ઈન્સાનમાં આ ૯ ખસલતો બુરી છે, નાપસંદીદહ છે, કાબિલે તરદીદ છે અને તે ઈન્સાનને ઝલીલ અને રૂસવા કરવા વાસ્તે કાફી છે. મગર જો આ ખસલતો અલગ-અલગ તરહના શખ્સોંમાં હોય તો તે ઔર ઝિયાદહ ખરાબ અને નુકસાનદેહ છે.

૧) **તંગદિલી હોવી** યાઅની નાની-નાની વાતોંથી પરેશાન-પશૈમાન થઈ જાવું. એ તરહથી ફિકરમંદ થાવું કે હરરોઝના ઊમૂર કરવા મુશ્કિલ થઈ જાય તો તે ખરાબ છે. મગર જો આ ખસલત બાદશાહમાં હોય તો તે ઘણી જ ખરાબ છે, કેમકે એની બાદશાહત આના સબબ ચાલી ન શકે.

૨) **કંજૂસી કરવી** એ બુરી આદત છે, કેમકે તાકત હોવાના બાવુજૂદ દૌલતને પકડી રાખવી અને લાઝિમ ચીઝમાં પણ ખર્ચ ન કરવું તેથી ખુદા નારાઝ થાય છે, પણ જો આ બુરી ખસલત માલદારોંમાં હોય તો તે ખૂબ જ બુરી વાત છે.

૩) **જોશમાં આવીને હોંશ ખોવો**, નાની બેમાઅના વાતોં પર ગુસ્સે થઈ જાવું અને દુનિયાની ચીઝો વાસ્તે બીજાનું જોઈને હસદ કરવો તે જાહિલોનું કામ છે. પણ જો આ ચીઝ કોઈ આલિમ શખ્સમાં જોવા મિલે તો તે ખૂબ શરમનાક કહેવાય.

૪) **નાદાની અને બચપણું** કોઈનામાં હોય તો એનાથી કોઈ સંજીદા ગુફતગૂ કે બહેતર મશ્વરાની ઉમ્મીદ ન રખાય. મગર કોઈ બુઝુર્ગમાં ઝિંદગીના ઉતાર-ચઢાવને જોઈ ચુકેલામાં નાદાની કરવાની ખસલત હોય તો તે તેની બુઝુર્ગી વાસ્તે દાગદાર કહેવાય.

૫) **અદાવત કરવી** તે દિલના કરાર અને ઝહેનની સેહતને મારી નાંખે છે. નઝર અને ખયાલમાં કડવાશ આવી જાય છે. સરદાર અને રઈસ હોય અને એનામાં અદાવત યા દુશ્મની કરવાની બદ-ખસલત હોય તો એ પોતાની રઈયત સાથે, લોગો સાથે કોઈ વક્ત ઈન્સાફ નહીં કરી શકે.

૬) **જૂઠું બોલવું** યા વાતમાં બનાવટ કરવી તે ઝબાનની આફત છે. ઝબાનમાં જૂઠ ભરાયું હોય તો એ શખ્સના કોઈ પણ વચન કે વાત પર એતેમાદ ઉઠી જાય છે. એની કીમત રદ્દી કાગઝ કરતા પણ નીચે પડી જાય છે. જો આ બદ-ખસલત જજ-કાઝી-ઈન્સાફ કરનારમાં હોય તો ઘણાના ઘર ઉજડી જાય છે અને ઝિંદગી કડવી બની જાય છે.

૭) ઈન્સાનની તબીઅત એક જેવી હરગિઝ રહેતી નથી, લેહાઝા મૌસમમાં તબ્દીલીના સબબ એ બીમાર પડી જાય છે. **બીમારી** કોઈને પણ અને કોઈ ના કોઈ ઝરીઆથી આવે જ છે, તેનાથી કોઈને આઝાદી નથી. પણ જો કોઈ તબીબ-ડૉક્ટર હોય અને બીમાર પડા કરે તો તે ઘણી બુરી વાત છે.

૮) **ખરાબ ઝબાન વાપરવી**, ફહેશ-બકવાસ કરવી તે ઈન્સાનની શરાફત ને ખત્મ કરી નાંખે છે. ખરાબ અલ્ફાઝથી બીજાને બોલાવવા, બેમાઅના-બેબુનિયાદ વાતોંમાં વક્તને ઝાયેઅ કરવો અને ગાલી-ગલોચને પોતાની ગુફતગૂનો એક હિસ્સો બનાવી લેવો તે ઝબાન અને ઝહેનની નાપાકીનો મુઝાહેરો છે. જો આ ચીઝ બૈરોમાં હોય તો પછી બેશરમીની કોઈ ઈન્તેહા જ ન રહે.

૯) **ઝુલ્મ કરવો** તે બુઝદિલ લોગોનું કામ છે. પોતાની ગૈરજાઈઝ તાકત અને જબરન મિલેલા ઓહદાનો ઈસ્તેમાલ કરીને સાદા ઝહેન અને કમઝોર લોગોને દબાવવા તે ઝાલિમ શખ્સની નિશાની છે. આ ખરાબી જો સુલ્તાન અને ઓહદેદારોંમાં હોય તો તે ખાના-ખરાબી સિવાય બીજું કઈ ન કરી શકે. ☆

(પેજ નં. ૪ નું બાકી)

બદલામાં એવી ઝમીન બનાવવામાં આવશે કે, જે સાફ-સુથરી એક તાઝા રોટલી જેવી હશે. તેમાંથી મહેશરના લોગો જે હિસાબ-કિતાબથી ફારિગ થઈ ગયા હશે, જેની નજાત થઈ ગઈ હશે અને જન્નતની તરફ જાવાની તૈયારી હશે **તેઓ તાઝા ઝમીનને રોટલી જેમ જમશે અને લઝ્ઝત ઉઠાવશે.** મૈદાને હશરમાં પણ લોગો આ મુજબ જમશે જહાઁ હિસાબે આઅમાલની ઝબરદસ્ત ફિકર તેઓની નિગાહના સામે હશે. હવે જેઓને જહન્નમી કરાર આપવામાં આવા હશે તેઓ વાસ્તે આ ઝમીન ઝહેરીલી અને કડવી બની જાશે. આમ હોવાના બાવુજૂદ જહન્નમીઓ જમશે-પીશે. ખુદાતઆલાએ ઈબ્ને આદમને ખાલી પેટ પૈદા કીધો છે, તેને કોઈ પણ હાલતમાં જમવા-પીવા સિવાય નહીં ચાલે. ☆

જેના દિલમાં ઈખ્લાસ–સફાઈ અને ઝબાનમાં સદાકત–સચ્ચાઈ હોય છે તે મહબ્બતના મકસદને પામે છે.

ચટાઈ

સાદિકે આલે મોહંમદ ઈમામ આલી મકામ (અ.સ.) ફરમાવે છે કે, એક શખ્સ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પાસે આવા અને જોયું કે, આપ એક માઅમૂલી ચટાઈ પર બેસેલા છો જાણે આપ એક જાનિબ ઢલીને આરામ ફરમાવી રહ્યા હોય. જે વક્ત આપ હુશિયાર થયા તો તે શખ્સે જોયું કે, ચટાઈનો અસર આપના પહેલૂ અને ગાલ પર નઝર આવી રહ્યો હતો. તે આપને કદમબોસ થયો અને આપના ચહેરા મુબારકહ પર મસહ કરીને, હાથને ફિરાવીને કહેવા લાગો કે, "ફારિસના કિસરા અને રૂમના કૈસર બાદશાહોં આ તરહની ચટાઈ પર સુવવું તો શું બેસવું પણ પસંદ નથી કરતા. તે લોગો તો રેશમ અને દીબાજ પર આરામ કરે છે. મને ઘણો રંજ થાય છે કે, આપ આટલા આઅલા નબી હોવાના બાવુજૂદ આ તરહની ફકીરાના અને ગરીબાના ચટાઈનો ઈસ્તેમાલ કરો છો?

આપ નબી સાહેબે ફરમાવું કે, "કસમ બખુદા! હું તે કિસરા કે કૈસર કરતા આઅમાલમાં, અખ્લાકમાં અને દીન બાબત અફઝલ છું. તે લોગો ફક્ત દુનિયા વાસ્તે છે મગર હું દુનિયા અને આખેરત બેવે વાસ્તે છું. તેના નઝદીકની દૌલત ફના થાશે મગર મારા તરફની ઈમાનની દૌલત મુમિનને હમેશા બાકી રાખશે. ખુદાતઆલાની નઝરમાં હું તે બેવે કરતા **ઈઝ્ઝતમાં, શરફમાં, ફઝ્લમાં અને કરામતમાં ખુબ ઝિયાદહ છું.** ખુદાના કસમ! મને અને આ દુનિયાને શું લેવું-દેવું? ઝરૂર, અય શખ્સ તું જાણી લે કે, આ દુનિયાની મિસાલ એક ઘોડેસવારની છે કે, જે એક સાયાદાર દરખ્તના નીચે થોડી વાર રૂકે છે, સાયામાં ઠંડકના સબબ આરામ કરી લે છે અને જે વક્ત તે સાયો ચાલો જાય છે તો તે પણ તે દરખ્ત છોડીને પોતાના સફરમાં આગલ નિકલી જાય છે."

આપ નબી સાહેબ ફરમાવે છે કે, **"અદુનિયા દારૂન મન લા દારા લહુ"**, યાઅની, આ દુનિયા તેનું ઘર છે, જેનું કોઈ ઘર નથી. પછી આપ કહે છે કે, **"વલ્હા યજમઓ મન લા અક્લા લહુ"**, યાઅની, દુનિયાને તે શખ્સ જમાઅ કરે છે, ભેગી કરે છે કે જેના પાસે અક્લ નથી. આપના આ કલામ સાંભલીને એક ફરિશ્તાએ નિદા કીધી કે, તે ખુદાના કસમ જેએ આપને નબી બનાવીને આ જહાનમાં મોકલા. આપના આ જ કલામને મેં ચોથા આસ્માન પર એક ફરિશ્તાને કહેતા સાંભલા જે વક્ત મને ઝમીનના ખઝાનાઓની ચાવીઓ આપવામાં આવી.

આ વાકેઓ તે વક્ત બનો કે, જે વક્ત આપ એક દિન ઘરથી બાહર નિકલા તો ઘણા જ ગમગીન હતા. એક ફરિશ્તા આપના પાસે આવા જેના નઝદીક ઝમીનના ખઝાનાઓની ચાવીઓ હતી. તેએ કહ્યું કે, "અય મોહંમદ! આ ઝમીનના ખઝાનાઓની ચાવીઓ છે, આપના રબે મને એમ કહીને મોકલો છે કે, મેં તમને આ ચાવીઓ આપું, તો આપ આ લો અને ચાહો તે ખઝાના માંથી લઈ લો." પછી આપે દુનિયા અને તેના ખઝાનાઓ મુતઅલ્લિક કલામ ફરમાવા, જેને ઉપરના ફકરામાં લખવામાં આવા છે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના શાહઝાદા અઈમ્મતે તાહેરીન (અ.સ.) અને આપની દાઅવતના ખુદ્દામ દોઆતે અકરમીન (રિ.અ.) ની સાદગી, ઈન્કેસારી અને પરહેઝગારી કઈ રસૂલુલ્લાહ બાવાજીથી જુદી ન હતી. આપ બ-ઝાહિર લોગોની આમ મજલિસમાં તખ્ત પર નિશિસ્ત ફરમાવે અને જે વક્ત આપના ઝાતી કમરામાં ખાસ મુમેનીનને દરમિયાન હોય તો સાદા લિબાસમાં, પરહેઝગારીના સામાન સાથે હસીર-ચટાઈ પર બેસેલા હોય, મુમેનીન તે દરમિયાન ઈલ્મો હિકમતના ખઝાનાઓ લુટાવતા હોય અને દુનિયાની ગહેમાગહેમી અને દૌલતની સરગરમી માંથી આખેરતના રસ્તાને કેમ તલાશ કરવો તેના દરસ આપતા હોય. આપનું ઝાહિર જેમ સાફ અને અયાઁ છે તેમ આપનું બાતિન ઝાહિર કરતા વધારે સાફ અને ખુલ્લું છે. **આપ તમામ તારિકે દુનિયા અને આશિકે મરઝીયે ખુદા હતા.** આપના સબબ આજે મુમેનીનમાં પરહેઝગારીની નિશાનીઓ બાકી છે અને જહાઁ તક રસૂલુલ્લાહ બાવાજીના કલામ આ દુનિયામાં બાકી છે, વહાઁ તક મુમેનીનની બેવે ઝિંદગી-દુનિયા અને આખેરતની સઁવરતી રહેશે, મુઝય્યન થાતી રહેશે. ☆

ખુદાતઆલા મહબ્બત કરે છે, તે હર શખ્સને જે પોતાના ઈમાન સાથે અમલને વાબિસ્તા કરી દે છે.

તિજારત

મકાન વેચવાનું છે

નામ : **હાફીઝ ઝોએબઅલી રંગવાલા**

એડ્રેસ : વિલાયતી મેન્શન, દેવડી મુબારકની બાજુમાં બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૯૮૭૯૦૨૦૭૭૬. ✯

ફેન્સી પર્સ, ઝોલ્લો બનાવી આપીશું તથા દુપટ્ટા, સાડી, પરદી, રૂમાલ, ચાદર વગેરેને બીડીંગ ઇન્ટરલોક, કોડીંગ કરી આપવામાં આવશે. (શાદી વગેરે પ્રસંગ માટે કવરો બનાવી આપીશું.)

ફોન : ૯૭૩૭૬૭૩૬૭૦ / ૯૫૫૮૩૯૧૨૯૫. ✯

આર્ટ ઑફ લિવિંગ

હરગિઝ તું અપની હદ સે ન આગે નિકલ કે ચલ,
કહેતા હે તુઝકો કૌન ન ચલ, ચલ સંભલ કે ચલ.

યે બેશુમાર નેઅમતેં તુઝકો ખુદાને દી,
હો કામિયાબ ઝિંદગી ઐસી તું ચાલ ચલ.

હયવાન ઔર પરિન્દેં ભી જીતેં હૈં તેરે સાથ,
કુછ કામ નહીં આયેગા તેરે સિવા અમલ.

યે આર્ટ ઑફ લિવિંગ ભી હે એક ઝિંદગી કા ફન,
માયૂસીયોં કી શિકલ કો ખુશીયોં મેં તું બદલ.

હાતિમ ઝકીયુર્દીં તો ચલા દે કે યે સબક,
માહિર હે બહુત ઉસસે ભી ઈસ ફન કે આજકલ. ✯

મુબારકબાદી

અય મુમેનીન ! લાઈકે મુબારકબાદ તે શખ્સ છે કે, જે પોતાના ઐબોને દૂર કરવામાં મશગૂલ રહે અને બીજાના ઐબની એને કોઈ પરવાહ ન હોય. લાઈકે મુબારકબાદ તે શખ્સ છે કે, જે વક્ત એનું કામ બિગડે તો એ એમ સોચે કે એનાથી શું ગલતી થઈ છે, પણ બીજા પર એમ તોહમત ન લગાડે કે બીજાથી એનું કામ બિગડું છે. કાબિલે મુબારકબાદ તે શખ્સ છે કે, જે પોતાના ઘરના એક ગોશામાં બેસીને ખુદાએ આપેલા રિઝક માંથી જે જમવાનું મયસ્સર થાય તેને ખુદાના શુક્ર સાથે જમે. પોતાની રોઝીથી પોતાના ઘરમાં બનાવેલું જમન જમે. **તે શખ્સ મુબારકબાદીનો હક્કદાર છે જે દુનિયાની ગહેમાગહેમીને બાવુજૂદ, પોતાના ઘરબારની ઝિમ્મેદારીઓ ઉઠાવવાના સાથે ખુદાની ઈબાદતથી વાબિસ્તા રહે.** પોતે કીધેલી ખતાઓ પર શરમિન્દા થાય અને તેની મુઆફી વાસ્તે સજદામાં મગફેરત ચાહે અને આંખોં માંથી આંસૂ જારી કરીને તોબા કરે. આ તરહ બસ એ શખ્સ પોતાની ઝાતમાં ફિકર કરતો રહે અને બીજા લોગો એનાથી આરામ અને સલામતીમાં રહે. ✯

ખુદાતઆલા મહબ્બત કરે છે, તૌબા કરનારને અને પાક થાનારને.

તિજારત

યા અલી મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

ભાઈસાહેબ ઈબ્રાહીમ

સરનામું : વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.

સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩



Mohsin S. Surti
M.: 9825552151
Ph.: 0265-2521569

M.M. GLASS

All Kind of Glass Merchants
Specialist in :
Alluminum Doors-Windows Partition Works.

G-1, Shalimar Flats,
Nr. Telephone Exchange,
Water Tank, Ajwa Road,
Vadodara.

ઐબ જોવું ગુનાહ છે અને ગુનાહ કરવું તે લાઈકે અઝાબ છે.

મકાન વેચવાનું છે

નામ : **ઈસ્માઈલભાઈ બદરૂદ્દીન સોરંગવાલા**

એડ્રેસ : સોરંગવાલા બિલ્ડીંગ, મરકઝે હુસૈની હોલની સામે, બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૯૪૨૯૩૧૩૩૨૮. ✯

જલ્દબાઝી

આજે લોગો એમ ગુમાન કરે છે કે, વક્તના તકાઝા અને ઝમાનાની ચાલના સબબ ઈન્સાન જલ્દબાઝ-ઉતાવલીઓ થઈ ગયો છે. એનામાં સબર ખૂટી ગયો છે અને હર ચીઝ એને જલ્દીથી હાસિલ કરવી છે. જે તરહથી લોગો નવી-નવી ઈજાદ થયેલી ચીઝો અને સાધનો ઈસ્તેમાલ કરે છે તો તેનાથી એમ લાગે છે કે, બધાને બધી ચીઝો ફટાફટ અને ફૌરી તૌરથી જાઈએ છે. હવે એક બટનથી તમામ કામો થાય છે. બુઝુર્ગ લોગો જાણે છે કે, તેઓના વક્તમાં કઈ તરહ કામકાજ થાતા હતા અને વહેવાર સંભાલતા હતા. ખૂબ સબર, ઈન્તેઝાર અને શુકથી કામ લેવાતું હતું. કોઈ કામ પૂરૂં ન થાય તો કહેવાતું હતું કે, કાલે થાશે યા તેના મુકર્રર વક્ત પર થાશે. પણ આજની તસ્વીર તો એવી છે કે, કોઈપણ કામ હમણાને હમણા જ થાવું જોઈએ. કોઈ વાર તો એવું પણ બને છે કે, વક્ત પહેલા કામ થાવાથી ફાયદો નહીં પણ નુકસાન ઉઠાવવું પડે છે. ખુદાતઆલા ફરમાવે છે કે, **"લેકુલ્લે શયઈન અજલ"**, હર ચીઝ વાસ્તે વક્તે મુકર્રર હોય છે. તો ઈન્સાને તેમાં જલ્દબાઝી કરીને તેના ફાયદાને ઝાયેઅ ન કરવો જોઈએ. ભલેને ગમે તેવા આઅલા સાધનો હાથમાં હોય પણ હર ચીઝને કામિલ થાવા વાસ્તે તેના ઈન્સાફ મુજબનો વક્ત તો આપવો જ જોઈએ.

ખુદાતઆલા ફરમાવે છે કે, જે વક્ત મૌ. આદમના જિસ્મમાં રૂહ ફૂંકવામાં આવી તો તે રૂહ કદમથી જારી થઈ અને મૌ. આદમના ગુંઠન તક પહોંચી તો મૌ. આદમે ઉઠવામાં જલ્દબાઝી કીધી અને આપ પડી ગયા. આયતે શરીફહ છે કે, **"ખોલેકલ ઈન્સાનો મિન અજલ"**, ઈન્સાન જલ્દબાઝ પૈદા કરવામાં આવો છે. **તેની પૈદાઈશની ઈબ્તેદા ઉછલતી મનીથી થાય છે.** મની કે જેમાં નુત્ફો હોય છે, તેની નિકલવાની કૈફીયત ખૂબ જલ્દબાઝીમાં હોય છે. તો જે મુજબ ઈન્સાનનો નુત્ફો નિકલે તે મુજબ તેની તબીઅત અને ફિત્રત બને છે.

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

નિય્યત

અમીરૂલ મુમેનીન ઈમામુલ મુત્તકીન મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, અર્શના સાયામાં બ-રૌઝે કેયામત જે દિન સાયએ અર્શ સિવાય બીજો કોઈ સાયો નહીં હોય, તે શખ્સ હશે જે તૈયેબો તાહિર થઈને કામિલ વુઝૂ સાથે પોતાના ઘરથી રાતમાં નિકલે અને અલ્લાહના ઘર તરફ જાય તે નિય્યતથી કે ફરઝ કે નાફેલતની નમાઝ અદા કરે અને રસ્તામાં જ એને મૌત આવી જાય. નમાઝ પઢવાની નિય્યત કીધી મગર નમાઝ પઢી ન શકો. એની આ ખાલિસ નિય્યતના સબબ અલ્લાહતઆલા એને નમાઝ અદા કરવાનો સવાબ અતા કરી દે છે.

આ જ શાકેલત પર તે શખ્સ પણ સાયએ અર્શમાં હશે જે પોતાની મન-ઘડીત વાતો, ફસાદદાર ખયાલાત અને બાતિલ અકીદાઓના રસ્તાને છોડીને ખાલિસ અને સાચી તૌબા કરીને હક્કની દાઅવતમાં દાખિલ થાવાનો પુખ્તા અકીદો રાખતો હોય. ઈત્તેફાક એવો બને કે, દાઅવતે હક્કમાં દાખિલ થાવાના અમલના પહેલે જ એ ગુઝરી જાય યાઅની એ શખ્સની પાકી નિય્યત તો હતી, અકીદો પણ હતો પણ મૌત આવવાના સબબ એ એમ કરી ન શકો. તો એ શખ્સ દાઅવતે હક્કમાં દાખિલ થઈ ચુકેલા લોગોની સાહેબતમાં હશે અને એનો હશર બિલા-શક હક્કના લોગો સાથે થાશે. ભલેને એ દાઅવતમાં પહોંચી ન શકો, સબબ કે એની નિય્યત હતી કે, પહોંચે મગર મૌત રૂકાવટ બનીને આવી ગઈ. તો એની નિય્યત મુજબ અલ્લાહ એના અજરો સવાબને ઝાયેઅ નથી કરતો. એની નિય્યત સાથે એનો અમલ ભલે ન જોડાયો પણ અલ્લાહ એના અમલની મંઝિલના સવાબ તક ઝરૂર એને પહોંચાવી દે છે.

રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, **"નિય્યતુલ મરએ અબલગો મિન અમલેહી"**, યાઅની, મુમિનની નિય્યત એના અમલ કરતા ઝિયાદહ મોટી છે, ફાયદામંદ છે. કેમકે, નેક નિય્યતથી જ ખૈર અમલ જન્મ લે છે. જો કોઈ નિય્યત જ ન કરે તો એ એના અમલની હદ અને મકસદને પરામી શક્તો નથી. જેમ સહીહ લિબાસ વાસ્તે સહીહ કપડાની ઝરૂરત હોય છે કે, જે લિબાસની ઝીનત કપડાની કીમત પર દારોમદાર રાખે છે. એ જ મુજબ કોઈ પણ અમલનું લઈ ઉઠવું એના કરનારની નિય્યત પર તકીયો રાખે છે. ✯

જે શખ્સ પોતાના વાલેદૈનની ખિદમત ન કરે તેને ખુદાની મહબ્બત કઈ કામ નથી લાગતી.

ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૨૦

મઝલૂમની ઈઝ્ઝતો કરામત અને ઝાલિમની ઝિલ્લતો હલાકત

ખુદાતઆલાએ આ દુનિયાનો નિઝામ એ મુજબ બનાવેલો છે કે, જે શખ્સ મઝલૂમ હોય છે તે સાચો હોય છે, સબર કરનાર હોય છે, તન્હા હોય છે અને હાલાતે ઝમાનાના સબબ મજબૂર હોય છે. ઝાલિમનો ઝુલ્મ તેની દૌલત, રસાઈ, મદદગારો, તકબ્બુરી, શોહરત અને ખાનદાની શરફ પર ઉભેલો હોય છે. ખુદાતઆલા મઝલૂમની દોઆને ઝાલિમના ખુલ્મને ખિલાફ પહેલા સાંભલે છે. ઝુલ્મ પોતે જ પોતાના માલિકની ઝિલ્લત-બેઈઝ્ઝતી અને હલાકત-નેસ્તો નાબૂદ થાવાનો સબબ બને છે. એના સામે સબર અને દોઆ મઝલૂમની કામિયાબીનો સબબ બને છે.

એક ઈસ્માઈલી ઈબાદતગુઝાર અકીબે સિત્તેર સાલ તક પોતાના ઘરબાર, બાલબચ્ચા, દૌલતો મિલકીયત, દુનિયાવી રાહતો તઅલ્લુકાતને છોડીને ફક્તને ફક્ત ખુદાતઆલાને રાઝી કરવા પહાડની ટોંચી પર એકલા રહીને ઈબાદત કીધી. એક દિન ખુદાતઆલા તરફથી તેને ફરમાન કરવામાં આવું કે, તે પહાડને છોડીને બની ઈસ્રાઈલની ફલાની ઝમીન પર જાય અને તે જગાના બાદશાહને ખુદાની વહદાનીયત અને દીને ઈસ્લામની દાઅવત પૈશ કરે. બાદશાહને રાહે આખેરત તરફ તવજ્જોહ કરવાનો હોશ અપાવે. અકીબે ફૌરન હુકમની તાઅમીલ કીધી અને પોતાની ઝોપડીને છોડીને તે બાદશાહના દરબારમાં પૈશ થયા. પૂરો દરબાર વઝીરો, ખિદમત-ગુઝારો અને સિપાહીઓથી ભરેલો હતો. પૂરી જાહો હશમત સાથે બાદશાહ સોનાની છતરીમાં તખ્ત પર બેસેલો હતો. અકીબે બિલા ખૌફ કોઈના તરફ નઝર કીધા બગૈર બાદશાહ પર દીને ઈસ્લામનો પૈગામ પૈશ કરીને કહ્યું કે, **"અય બાદશાહ! જે જે ચીઝો હમણા તમારા નઝદીક હાઝિર છે તે તમને મગરૂર બનાવવાને વાસ્તે કાફી છે. દુનિયા ગુરૂરનો સામાન છે. આ ગુરૂરને તોડવાને વાસ્તે જે મેં તમને કહું તે બોલો."**

પછી ભર દરબારમાં અકીબે **"લા ઈલાહા ઈલ્લલ્લાહ"** નો કલેમો પઢો અને બાદશાહને પણ તે કલેમો પઢવાનું કહ્યું. બાદશાહ ખૂબ ગુસ્સામાં અને ત્યાં બેસેલા વઝીરો માંથી એક વઝીરને બોલાવો અને અકીબને કત્લ કરવાનો હુકમ કરી દીધો. અકીબે પોતાની ઝબાનથી એક હરફ ન નિકાલો પણ બાદશાહે કહ્યું કે, અય વઝીર! કત્લ કરતા પહેલા તું આ ગુસ્તાખની ખાલ ઉઢેરજે. હુકમ મુતાબિક વઝીરે અમલ કીધો અને અકીબના સરથી કદમ તક પૂરા જિસ્મની ખાલ ઉઢેરવામાં આવી. અકીબ ખુદાની તસ્બીહમાં મશ્ગૂલ રહ્યા પણ દર્દના સબબ આહિસ્તાથી એક આહ નિકાલી. ખુદાતઆલાએ ઈબાદતગુઝાર અકીબને એક ફરિશ્તાના ઝરીએ એમ ફરમાન કીધું કે, અય બંદએ ખુદા! સબર કરો જો તમે તમારી ઝબાનથી બીજી વાર આહ-કરાંજની પુકાર કરશો તો ખુદા તમારો ખાતેમો કુફ પર કરશે. ખુદાતઆલાના હુકમના મુતાબિક અકીબે બેઈન્તેહા સબર કીધો યહાઁ તક કે, તે એ જ હાલતમાં વફાત થઈ ગયા, ખુદાની રહેમતમાં પહોંચી ગયા.

કિસ્સો એમ બનો કે, ચંદ અય્યામમાં જ બાદશાહને એવી હૌલનાક બીમારી આવી કે, તે કેદે બિસ્તર થઈ ગયો, તે હંગામમાં જે કઈ બદીઓ તેએ કીધી હતી તે લોગોમાં ઝાહિર થાવા લાગી. એમ તે ઝલીલ થઈને હલાક થઈ ગયો. તે બાદશાહના વઝીરો માંથી એક વઝીર ખુદાનો ખૌફ રાખનાર મુમિન હતો જેએ પોતાના ઈમાનને લોગોથી પોશીદા રાખું હતું. **તે મુમિન વઝીરે મરહૂમ મઝલૂમ અકીબના જિસ્મની ખાલની બાદશાહના ખઝાના માંથી કોઈ તરહથી ચોરી કીધી હતી અને તેની લાશને પોતાના ઘરમાં ખૂફીયા તરીકાથી દફન કીધી હતી.** આ રાઝ ફક્ત મુમિન વઝીર અને તેના ખાસ ખાદિમો જાણતા હતા. જે વક્ત પણ કોઈ મુસીબત આવતી તો વઝીર અને ખાદિમો અકીબની કબર પર જમાઅ થાતા, તો ખુદાતઆલાના કરમથી આફત રાહતમાં તબ્દીલ થઈ જાતી હતી.

એક સાલ ઘણો સખ્ત દુકાલ પડો. અનાજ અને પાનીની તંગી ઊભી થઈ, લોગોમાં કત્લે આમ થાવા લાગું. મુમિન વઝીર ખૂબ પરેશાન-હાલ થઈ ગયો અને ઘરમાં આમતેમ આંટાફેરા મારવા લાગો. અચાનક તેને અકીબના જિસ્મની ચોરેલી ખાલ યાદ આવી. જે સંદૂકમાં તેએ મુકી હતી તેમાંથી કાઢીને ઘરને બાહર લઈ ગયો અને તેને આસ્માન તરફ ઊંચી કરીને વરસાદની ખૂબ આહો બુકા સાથે દોઆ માંગવા લાગો. હજી દોઆ પૂરી થઈ ન હતી કે, આસ્માન પર કાલા-કાલા

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

ખુદાતઆલા તેને મહબ્બત કરશે જે દાઅવતના ધણીને મહબ્બત કરશે.

(પેજ નં. ૯ નું બાકી)

વાદલો ઘેરાવવા લાગા અને ઝોરશોરથી વરસાદ વરસો. પૂરી આબાદી ખુશીથી ઝૂમી ઉઠી. લોગોને ફરહતમંદ જોઈને વઝીરે અકીબના હક્કમાં દોઆએ ખૈર કીધી. જે વક્ત પણ કહેતસાલી થાતી, દુકાલ પડતો તો વઝીર આ જ મુજબ અમલ કરતો, તો ખુદાતઆલાની રહેમતના દરવાઝા ખુલી જાતા.

ફિરઔન ઝાલિમના ઝમાનામાં પણ આ તરહથી કિસ્સો ગુઝરો છે જેમાં તેના વઝીર હિઝકીલ કે જે તે વક્તના મુખ્લિસ મુમિન હતા, મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ની નુબૂવત પર ઈમાન લાવવાને છુપાવું અને ખુદાના નબીને હર તરહથી મદદ કરતા રહ્યા, ફિરઔનના હર મકરો ફરૈબથી મૌ. મૂસાને આગાહ કરતા રહ્યા, મુમેનીનની ફિરઔની ઝુલ્મથી સલામતી વાસ્તે હર બનતી કોશિશ કરતા રહ્યા. આ તરહ મૌ. હિઝકીલે ઝાહિરમાં ફિરઔન સાથે હોવાનો દેખાવ કીધો પણ બાતિનમાં આપ મૌ. મૂસાની હિમાયત કરતા રહ્યા. જે વક્ત લઈનોંને આ વાતની ખબર પડી તો હસદના મારે, દુશ્મનીના ઝોરે આપને મઝલૂમીમાં કત્લ કરી દીધા.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના બાવાજી સાહેબ મૌ. અબૂ તાલિબ (અ.સ.) નો મક્કામાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વક્તમાં આ જ મુજબ કિરદાર હતો. કુરૈશના કુફ્ફારના ઝુલ્મનો ડટીને મુકાબેલો કરવા આપ આપના ભત્રીજા નબી સાહેબને હિમ્મત અને હોંસલો અપાવતા રહ્યા, ખુદાતઆલાના દીને હક્કની નુસ્રત-મદદ કરતા રહ્યા અને ઝાહિરમાં એમ જતાવતા રહ્યા કે, જાણે પોતે કુરૈશીઓ સાથે હોય. જે વક્ત કુફ્ફારે કુરૈશે નબી સાહેબ અને આપના માનનારને મક્કાથી દર-બ-દર કીધી, જમન-પાની બંધ કીધું તો તે મૌ. અબૂ તાલિબ જ હતા કે, બાતિની તૌર પર હર તરહથી નબી સાહેબને મુશ્કિલ વક્તમાં કામ આવા.

આજથી ૫૦૦ સાલ પહેલા જે વક્ત અહમદાબાદ દાઅવતે શરીફહ તૈયેબીયહનું મરકઝ હતું અને હર જગે દોઆતે હક્કના દુશ્મનોં મૌજૂદ હતા, એવા ઈમ્તેહાન અને સખ્તી ભરેલા હાલાતમાં દાઈયુલ્લાહના એવા હિમાયતી લોગો હતા, **જેની કોશિશ, રોઅબ અને ઝબાનથી મુમેનીનની મુશ્કિલ આસાન થઈ જાતી હતી.** એવા સાહેબો ભલે ખુલીને દાઈએ હક્કની હઝરતમાં ન આવા હોય પણ દાઈએ હક્કની અઝમત સમઝીને અને હક્કના મુમેનીનના દીનની હુરમત જાણીને તે ખયાલ રાખતા હતા કે, મુમેનીન સલામત રહે અને દુશ્મનોં તેમને કોઈ તરહની ઈઝા ન પહોંચાવે. એવા જાઁનિસારોં આ જહાનમાં કમ નથી થયા કે, જેઓ ઝુલ્મને મારવા પોતે મરી મિટા અને ઈમાનદારોંની હિફાઝત વાસ્તે ખુદાની રાહમાં કુરબાન થઈ ગયા. ✯

મુબારકબાદ

તરબીયતે ઔલાદ, વાલેદૈનની એક શરઈ અને મઆશેરતી ફરઝ છે. ઔલાદની આઅલા તાઅલીમો તરબીયત મુસ્તકબિલના ઝમાનમાં જમાઅતની ફલાહો બહેબૂદી અને આબાદીની નિશાની છે. તેથી ખુશા-નસીબ તે વાલેદૈનના કે, અલ્લાહતઆલાએ તેઓને એવી નેક ઔલાદ આપી કે, જેએ મહેનતો મશક્કતથી તાઅલીમ હાસિલ કરીને જમાઅતમાં વાલેદૈનના નામને રૌશન કીધું. સાહબે દાઅવત, **મિશ્કાતુલ હાદી** દીની અખ્બારનો ઈદારો હમારા તાઅલીમી ફલકના ચમકતા સિતારાઓને મુબારકબાદી પૈશ કરે છે.

SSC	HSC	M.E.



ગુલાબીવાલા ફીન્હાસઅલી એચ.
84%(Mah.)



વ્હોરા ઝયનબ એ.
77.17%



સુરકાવાલા ઝયનબ આઇ.
83.43%



બંસીવાલા જઝબીન એ.
78.14%



બંસીવાલા ઝુલ્ફીકારઅલી એમ.
???

જેમ આઁખનું જૌહર રોશની છે તેમ દિલનું જૌહર મહબ્બત છે.

" ઈન્ના લિલ્લાહે વઈન્ના ઈલયહે રાજેઊન "

મૌલાના અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) નહેજુલ બલાગહમાં ફરમાવે છે કે, "ખુદાતઆલા પોતાના બંદાઓની હર તરહથી આઝમાઈશ કરે છે, ઈમ્તેહાનમાં ગિરફ્તાર કરે છે અને તપાસે છે કે, બંદાના દિલની કૈફીયત, હાલાત તબદીલ થાવા સાથે કઈ તરહ બદલાય છે." સૂરતુલ બકરહમાં ખુદાતઆલા ફરમાવે છે કે, "ખૌફ, ભૂખ, માલ, જાન અને ઔલાદમાં નુકસાન કરીને, તેમાં ફસાદ પૈદા કરીને, જે ચીઝમાં તમને મશક્કત પડે તેને તમારા દરપૈશ લાવીને હમેં તમારી આઝમાઈશ કરીશું." અય રસૂલુલ્લાહ! આ આઝમાઈશો પર જે શખ્સો સબરથી કામ લે તેઓને આપ ખુશખબરી સંભલાવો જે આ મુસીબતોંના નઝદીક એમ કહે છે કે, **" ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઊન. "**

કોઈપણ શખ્સ કુરઆને કરીમની આ આયતે શરીફહ જેને **કલેમતુલ ઈસ્તિરજાઅ** કહેવાય છે, તે પઢે તો ખુદાતઆલા એને સલવાત, રહેમત અને હિદાયત અતા કરે. ફરિશ્તાઓ એના પર સલવાતો સલામ પઢીને આઠોં પહેર રહેમતનો વરસાદ વરસાવે અને એને એ મુજબ હિદાયતના સબબ નેક સમઝ આપે કે, એ ખુદાની બંદગીથી એક પલ પણ ગાફિલ ન રહે.

એક વક્ત રસૂલુલ્લાહ બાવાજીના ઘરમાં ચિરાગ બુઝાઈ ગયો, ગુલ થઈ ગયો તો આપે આ કલેમતુલ ઈસ્તિરજાઅ પઢો. સવાલ પૂછનારે અરઝ કીધી કે, યા નબીયલ્લાહ! ચિરાગ ઓલવાવવો કઈ મુસીબત નથી કે, આપ આ આયતે શરીફહને તે વાસ્તે પઢો. આપે ફરમાવું કે, **" કુલ્લો મા સાઅલ મુમિના ફહોવા મુસીબતુન "**, યાઅની, હર તે ચીઝ કે જેથી મુમિનને બુરૂં લાગે તે મુસીબત છે. જેથી મુમિનનું દિલ દુખે એ ગમગીન થાય અને દિલમાં અફસોસ-બેકરારી પૈદા થાય, તે ચીઝ ભલે ખૂબ નાની જેવી હોય, મુમિન વાસ્તે તે મુસીબત છે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ઈસ્તિરજાઅના આ કલેમહને મુતઅલ્લિક ફરમાવે છે કે, "આ કલેમહમાં મુલ્ક-માલિકી છે અને હુલ્ક-હલાકત છે." હમેં જે વક્ત એમ કહીએ કે, **" ઈન્ના લિલ્લાહે "** તો એ હમારા તરફથી ઈકરાર છે કે, હમારો માલિક અલ્લાહ છે અને હમેં તે અલ્લાહ વાસ્તે જ છે. આમ હમારા પર અલ્લાહની માલિકી સાબિત થયા છે. હવે હમેં જે વક્ત એમ કહીએ કે, **" વ ઈન્ના ઈલયહે રાજેઊન "**, તો હમેં એમ ઈકરાર કરીએ છીએ કે, હમેં તે જ અલ્લાહની તરફ પલટીને જઈશું. તેના સિવાય કોઈ એવું નથી કે, જેના તરફ પાછા જાવાની ઉમ્મીદ રાખી શકાય. હમને હલાકત અને મૌતનો મઝા ચાખવાનો છે, જેના સબબ હમારૂં ફના થાવું ઝરૂરી છે અને અલ્લાહ જે હમારો માલિક છે, તેના તરફ જાવું બરહક્ક છે. તે અલ્લાહની લા-ફાની ઝાત છે કે, જે હમેં ફના થાનારને પોતાની રહેમતના દામનમાં સમાવી લે છે અને જન્નતના ઘરોંમાં વસાવીને બકા બખ્શે છે. અલ્લાહતઆલા હમારો માલિક છે, જે બાકી છે અને હમેં હાલિક છીએ જે ફાની છીએ. અલ્લાહ વાસ્તે મુલ્કે બકા છે અને હમારા વાસ્તે હુલ્કે ફના છે. ✯

(પેજ નં. ૮ નું બાકી)

મૌલાના અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) ફરમાવે છે કે, કોઈ પણ કામમાં તેના વક્ત પહેલા જલ્દબાઝી ન કરો અને વક્ત આવવા પર સુસ્તી, કાહિલી કે તાખીર ન કરો. **જલ્દબાઝી શયતાનનું કામ છે પણ ખૈરના કામમાં જલ્દી કરવું બહેતર છે.** એમ ન થાય કે, ખૈરના કામમાં તાખીર કરવાથી તેનો વક્ત ગુઝરી જાય અને તેનો ફાયદો ઝાયેઅ થઈ જાય.

ઈમાનદારોં પર લાઝિમ છે કે, ૧) નમાઝનો વક્ત થાય કે ફૌરન જલ્દીથી નમાઝ અદા કરી લે. બીજા કામોંમાં મશ્ગૂલ થઈને નમાઝને ફૌત ન કરે અને કઝા નમાઝ પઢવાને પોતાની આદત ન બનાવી લે. ૨) કોઈના માથા પર જો કરઝ હોય અને તેની અદાયેગીના અસ્બાબ હાથ લાગી જાય તો કરઝને જલ્દીથી અદા કરી દે. કરઝ ઈન્સાનની સેહતમાં બિગાડ પૈદા કરે છે અને એને અંદરથી ખોખલો કરી નાંખે છે. ૩) કોઈ સાઈલ સવાલ કરે તો કોઈ તાખીર બગૈર તેને ફૌરન સદકો આપી દો. સદકો જહન્નમની આગને બુઝાવી દે છે અને શયતાનને રૂસવા કરે છે. ૪) કોઈ મહેમાન ઘર પર આવે તો તેની મહેમાનદારીમાં કોઈ કચાશ ન છોડો. મહેમાનને ઈકરામો ઈઝઝત આપવામાં જલ્દી કરો કેમકે, તેની તમારા વાસ્તેની દોઆ તમામ ગુનાહોંને

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ની મહબ્બત, નબી-વસી-ઈમામની મહબ્બત સાથે મુમિનને જોડે છે.

ગુલ્શને ફિક્હ : શરીઅતનું હલાલ-હરામ
ઈમામત કિસ્ત-૧૧

ઈમામતના બાબતમાં મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "જે શખ્સ હિજરત કરવામાં પહેલા હોય તે ઈમામત વાસ્તે ઝિયાદહ હક્કદાર છે. જો આમાં તમામ સરખા હોય તો જે કુરઆને કરીમની કિરાત બરાબર પઢી જાણતો હોય તે ઈમામત કરાવે."

ખુદાતઆલાએ જેમ મરદ સાથે બૈરો પૈદા કીધા, હવા સાથે પાની મુકું, ઝમીનના મુકાબિલ આસ્માન બનાવું, દુનિયા બાદ મંઝિલે આખેરત મુકી, સૂરજના સાથે ચાંદની તખ્લીક કીધી, નબીના દરજા બાદ વસીના દરજાને મુકર્રર કીધો, જિસ્મ સાથે જાનને જોડી દીધી, લોહને કલમથી ફાયદો લેનાર બનાવું, તેમ કુરઆને કરીમની કમાલીયત વાસ્તે અહલુલ બૈત (અ.સ.) ની મવદ્દતો મહબ્બત લાઝિમ કીધી.

ખુદાતઆલાએ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) પર કુરઆને કરીમને નાઝિલ ફરમાવા, આસ્માની કિતાબોંના સરદાર કીધા, હાસિલે સવાબો હિદાયત વાસ્તે તેનું પઢવું વાજિબ કીધું, નમાઝ અને દોઆઓની અદાયેગીમાં તેની સૂરતોનું પઢવું લાઝિમ કીધું. તો આ તમામથી માખઝ-તારણ એ નિકલે છે કે, ખુદાના આ કામિલ દીન વાસ્તે કામિલ કલામ બનીને કુરઆને કરીમ આ જહાનના લોગો વાસ્તે નાઝિલ થયા પણ તેના પઢવાને વાસ્તે, જાણવાને વાસ્તે, કામિલ હોવાની દલીલ પૈશ કરવાને વાસ્તે, હિદાયતના મકસદને અંજામ આપવાને વાસ્તે એક સાહેબની ઝરૂરત એવી હતી કે એ **હર ઝમાનમાં મૌજૂદ હોય અને એની માઅરેફત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તક પહોંચતી હોય** અને જે મુમેનીનને એમ બતાવે કે, કુરઆને કરીમ શું છે અને એની કિરાતો તિલાવતની માઅના શું છે?

કુરઆને કરીમની કિરાતની અદબોંમાં છે કે, મુમેનીન જે વક્ત કુરઆનને પઢવાનો ઈરાદો કરે તો પહેલા શયતાનની શયતાનીયતથી પનાહ ચાહીને ખુદાતઆલાની રહેમત તલબ કરે. બાતિની ઈલ્મમાં આ નુક્તા પર એવા ઈશારા બયાન કરવામાં આવા છે કે, કુરઆને કરીમની તિલાવત કરતા પહેલા "અઊઝો" નું બોલવું તે દાઈએ હક્કના દુશ્મનોંથી બરાત કરવું છે જે અહલે બૈતે રસૂલ (સ.અ.) ની શફાઅત, દરજા અને અઝમતમાં યકીન ન રાખે અને મઝહબે તૈયેબીથી તેનો કોઈ તઅલ્લુક ન હોય અને ફસાદદાર-ફિત્નાવર અકીદાઓ પર તે સવાર હોય. આના સાથે કુરઆને કરીમની તિલાવત કરવી અને તેને પઢવું **તે દાઈએ હક્કના મીસાક, આપની ખિદમત અને મહબ્બત સાથે તઅલ્લુક રાખે છે.** કુરઆનનું હિફ્ઝ કરવું હકીકતમાં મુમિન વાસ્તે દાઈએ હક્કની વલાયતો મહબ્બતની તેના દિલમાં હિફાઝત કરવું છે. ફક્ત યાદ કરાવાથી કુરઆને કરીમના હાફિઝ નથી બનાતું મગર તેના સાથે ઈમાનો યકીનની સાચવણી ઝરૂરી છે. એક નાનું બચ્ચું પણ કુરઆનનો હાફિઝ કહેવાય ગર એને કુરઆનની નાનીમાં નાની સૂરત યાદ હોય.

નમાઝમાં કોઈ ફક્ત કુરઆને કરીમની બરાબર તિલાવત કરી જાણે, એના તલફ્ફુઝ બરાબર હોય, એનો ઈલ્હાન બરાબર હોય, તરન્નુમ ઉમ્દા હોય તો આ કાફી નથી થાતું. ઝમાનાના દાઈએ હક્ક કુરઆનના કરીન હોય છે, તેના ઝૌજ-જોડીદાર હોય છે, તેની બાતિની માઅનાના માલિક હોય છે, તેને બરાબર પઢવા વાસ્તે અને તેની તાઅલીમાત મુજબ ઝિંદગી ગુઝારવાની નૈક સમઝ આપે છે. **નમાઝનો મકસદ ખુદાતઆલા એના મુકર્રરશુદા ઈમામે આલે મોહંમદ (સ.અ.) ની માઅરેફતથી પૂરો કરે છે,** જેની માઅરેફતના સબબ જ કુરઆને કરીમની તિલાવતના અજરો સવાબ તક પહોંચી શકાય છે. શું તે નમાઝ, નમાઝ કહેવાય કે જેમાં તેના સાહેબ, ઈમામની માઅરેફત ન હોય? શું તે તિલાવત, તિલાવત કહેવાય કે જેમાં તેના માલિકો નાતિક ખુદાના દાઈની મહબ્બત ન હોય? ✯

રિશ્તેદારોં સાથે અદાવત કરીને ગૈર લોગો સાથે મહબ્બતનો દેખાવ કરવો તે મોટી ખતા છે.

મૌ. ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અ.સ.) અને આપના બૈરો – કિસ્ત - ૨

ફરઝંદે મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.), મૌ. ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અ.સ.) એ આપના બાવાજીની બેહુરમતી થયા બાદ પોતાના બૈરોને તલાક આપી દીધી અને બીજા બૈરો સાથે નિકાહ કીધા. એક દરાઝ મુદ્દત બાદ મૌ. ઈબ્રાહીમ આપના ઝૌજહ મૌ. હાજરહ અને મૌ. ઈસ્માઈલની હિજાઝમાં મુલાકાત કરવા વાસ્તે મૌ. સારૅહથી ખ્વાહિશનો ઈઝહાર કરે છે. મૌ. સારૅહ રઝામંદ થાય છે અને મૌ. ઈબ્રાહીમ ફલસતીનથી મક્કામાં મૌ. ઈસ્માઈલની મુલાકાત વાસ્તે પધારે છે. જેમ પહેલી વક્ત મૌ. સારૅહ એ મૌ. ઈબ્રાહીમ પાસેથી વચન લીધું હતું કે, તમેં ત્યાં રોકાશો નહીં અને ફૌરન ઊભા ઊભા તમેં પાછા આવી જાજો, એ જ વચન આ વક્ત પણ લીધું.

મૌ. ઈબ્રાહીમ મક્કામાં આપના ફરઝંદ મૌ. ઈસ્માઈલના ઘર પર આવા. દસ્તક દીધી તો બૈરોએ ખૂબ ઈકરામથી જવાબ આપો. આપે એને પૂછું કે, તમારા સાહેબ કહાઁ છે? બૈરોએ ઉઝુર પૈશ કીધો કે, અય શૈખ! મારા મરદ તો શિકાર વાસ્તે ગયેલા છે. તેમને ગયે ઘણો વક્ત થઈ ગયો છે, ખુદા ચાહશે તો જલ્દી પાછા આવશે. આપ કહાઁ તક એમના આવવાનો ઈન્તેઝાર કરશો! હું ચાહું છું કે, યહાઁ બાઝૂમાં એક કમ્રો છે, વહાઁ આપ થોડા વક્ત તક આરામ કરો, ખુદા આપ પર રહેમત કરજો. મૌ. ઈબ્રાહીમે કહ્યું કે, અય બૈરો! ખુદા આપને યારી દેજો, હું ઘણા વક્તથી ભૂખો છું મારામાં હવે તાકત બાકી નથી, શું તમારા નઝદીક મહેમાનદારીનો કોઈ સામાન મોહય્યા છે? બૈરોએ ખૂબ ઈકરામથી મૌ. ઈબ્રાહીમ (અ.સ.) ને ઘરમાં જે હાઝિર હતું તે દૂધ અને તાઝા તમ્રા-ખજૂર પૈશે ખિદમત કીધા. બૈરોનો લેહાઝ અને અદબ જોઈને મૌ. ઈબ્રાહીમ ખૂબ ખુશ થયા અને ફરઝંદ મૌ. ઈસ્માઈલ અને બૈરોના હક્કમાં દોઆ કીધી કે, **"ખુદાતઆલા બેવેમાં બરકત અતા કરજો."**

બૈરોએ ઈલ્તેજા કીધી કે, અય શૈખ! તમેં થોડી વાર તક યહાઁ ઠહેરી જાવ. મૌ. ઈબ્રાહીમે ઉઝુર પૈશ કીધો અને કહ્યું કે, હું યહાઁ ઠહેરૂં તે મુમ્કિન નથી, હવે તમેં મને રૂખ્સત થાવા દો. બૈરો બોલા કે, તમેં તમારી કોઈ નિશાની છોડી જાવ, જેથી મેં મારા સાહેબને બતાવી શકું. મૌ. ઈબ્રાહીમે કહ્યું કે, અય બૈરો! એક પત્થર લાવો અને તેને મારા કદમ નીચે મુકો અને મારૂં માથું જે ગુબારવાલું છે તે તમેં મને ધોઈ આપો. બૈરોએ તે પત્થરને મૌ. ઈબ્રાહીમના જમણા કદમના નીચે મુકો અને પછી આપના માથાને જમણી જાનિબથી ધોયું તો આપના કદમની બરકત એ થઈ કે, તે પત્થર પર આપના જમણા પગનું નિશાન પડી ગયું. પછી બૈરોએ તે જ પત્થર ઉચકીને આપના ડાબા કદમના નીચે મુકો અને આપના માથાને ડાબી જાનિબથી ધોયું તો જમણા પગની મુજબ ડાબા પગનું નિશાન પત્થર પર પડી ગયું. બૈરો આ જોઈને ઘણા જ મસર્રતમંદ થયા અને મૌ. ઈબ્રાહીમનો શુક્રીયાહ અદા કીધો અને કહ્યું કે, **અય શૈખ! આપની આ નિશાની મારા પાસે અમાનત રહેશે.** મૌ. ઈબ્રાહીમે જવાબ આપો કે, તમારા સાહેબ જે વક્ત પાછા આવે તો મારો સલામ પઢજો અને કહેજો કે, હવે તમારા દરવાઝાનો અમ્રો સીધો થઈ ગયો છે. યહાઁ દરવાઝાનો અમ્રો સીધો થાવાનો મતલબ એ છે કે, ઘરની લુગામ એવા બૈરોના હાથમાં છે કે જે બૈરો જાણે છે કે, મહેમાનની ઈઝઝત કેમ થાય અને એની ખિદમત વાસ્તે શું શું અમલ થાય.

રિવાયત કરનાર બયાન કરે છે કે, જે વક્ત મૌ. ઈસ્માઈલ ઘરમાં આવા તે વક્ત પોતાના બાવાજી મૌ. ઈબ્રાહીમની ખુશ્બૂ માઅલૂમ થઈ, તેથી પોતાના બૈરોને પૂછું કે, મારી ગૈરહાઝિરીમાં યહાઁ કોઈ આવું હતું? બૈરોએ કહ્યું કે, **એક કરામતવાલા, નૂરાની ચહેરાવાલા શૈખ આવા હતા અને આપનું પૂછતા હતા.** મેં એમની ખૂબ ખિદમત કીધી, માથું ધોઈ આપું તો એ શૈખે પોતાના કદમના અસર વાલો આ પત્થર મને નિશાનીના તૌર પર આપેલો છે. આપ પર સલામ પઢો છે અને મને કહી ગયા છે કે, તમારા મરદને કહેજો કે, તમારા દરવાઝાનો અમ્રો સીધો થઈ ગયો છે. તે પત્થર જોઈને મૌ. ઈસ્માઈલ રોવા લાગા, પત્થરને ચૂમી લીધો અને બૈરોના હક્કમાં દોઆ કરતા ફરમાવું કે, અય મારા બૈરો! તમેં ખુશકિસ્મત છો કે, મારા બાવાજી સાહેબના દીદાર અને ખિદમત તમને નસીબ થઈ, તે શૈખ મારા બાવાજી, **નબીયુલ્લાહ મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) હતા.** ✯

મહબ્બત એક એવી નેઅમત છે જેને મૌત પણ મિટાવી શકતી નથી

ફરમાँબરદારી

હુકમની તાઅમીલ કરવી અને ફરમાનને ઉચકવું તે અપના તૈયેબી અલવી મઝહબના અકીદાઓનું દિલ છે. આ હુકમ અને ફરમાન જો સાહબે હક્ક અને દાઅવતે શરીફહના મરકઝ પરથી હોય તો તેના પર ચાલવું, અમલ-દરામદ થાવું હર મુમિન વાસ્તે ખૂબ વાજિબ બની જાય છે. ફરિશ્તાઓ આ દુનિયા પર નાઝિલ થાય છે, તો ખુદાતઆલાના હુકમથી થાય છે, દાઈ ખુદા તરફ દાઅવત કરે છે તો તેના હુકમથી કરે છે, કોઈ ગુનાહગારની શફાઅત થાય છે, તો તેના હુકમથી થાય છે. દુનિયામાં ખુદાતઆલાના દાઈનો હુકમ તે ખુદ ખુદાનો હુકમ ગિનાય છે. તે હુકમ નરમ હોય કે સખ્ત, હલકો હોય કે ભારી, **તેમાં હિકમત, રાઝ અને મુમિન વાસ્તે ખૈર જ ખૈર હોય છે.** શરીઅતમાં નમાઝ પઢવાથી લઈને હજ્જ પઢવા તક તમામ હુકમો મિઝાજને ભારી અને મુશ્કિલ લાગે છે, પણ તેને ફરઝ કરવામાં આવા છે જેથી મુમિનની ઝિંદગી બીજા લોગો કરતા પાકો સાફ બની શકે. ઈબ્તેદામાં તો હરએક હુકમ તબીઅત પર બોઝ લાગે છે, પણ વક્ત ગુઝરવાના સાથે મુમિનને તે હુકમમાં ખૈરો બરકત નઝર આવે છે.

મૌ. તાલૂત નબી આપના લશ્કર સાથે સફર પર નિકલે છે. રસ્તો એટલો દુશ્વાર અને કઠિન હોય છે કે, તમામ લશ્કરીઓ પ્યાસા થઈ જાય છે. પાનીની તલાશ કરવા સિપાહીઓ હર તરફ આંટા મારે છે કે, તેમાંથી એક ટુકડીને પાનીની એક નહેર મિલે છે. મૌ. તાલૂત (અ.સ.) ને ખબર કરવામાં આવે છે તો આપ બીજા સિપાહીઓ સાથે નહેર પર આવી પહોંચે છે. ઈમ્તેહાન લેવાની ખાતિર આપ સિપાહીઓને હુકમ કરે છે કે, **" અય મારા લશ્કરીઓ! આ નહેર માંથી તમેં ફક્ત એક ચિલ્લૂ પાની પીજો, પેટ ભરીને યા ઝિયાદહ પાની ન પીજો. "** તમામ બેહદ પ્યાસા હોય છે અને પાની બગૈર મછલી કેવી તડપે છે, તેમ તેઓ તડપતા હોય છે. આ હંગામમાં જો નહેરનું મીઠું પાની મિલી જાય તો શું આલમ થાય!

આપના આ હુકમ પર ઘણા કમ સિપાહીઓએ અમલ કીધો અને પાની પીવા પર સબર કરી શકા. પણ ઝિયાદહ-તર સિપાહીઓ પાની પીને ખૂબ સૈરાબ થયા, પ્યાસ બુઝાવતા રહ્યા અને પેટને પાનીથી ભરતા રહ્યા. ખૂબ પાની પીવાના સબબ સિપાહીઓની તબીઅતમાં સુસ્તી આવી ગઈ. આપે સફરને આગલ વધારવાનો હુકમ કીધો અને આપ જાણતા હતા કે, કેટલાએ આપનો હુકમ માનો છે અને કેટલાએ નાફરમાની કીધી છે. થોડા જ ફાસલા પર આપનું લશ્કર પહોંચ્યું કે દુશ્મનોએ બે જાનિબથી આપ પર ઝોરદાર હમ્લો કીધો. લશ્કરીઓ બે હિસ્સામાં તકસીમ થઈ ગયા. જેઓ નાફરમાન હતા તેઓની ટુકડી અલગ જાનિબ ગઈ અને જેઓએ થોડું પાની પીધું હતું તેઓ આપ મૌ. તાલૂત સાથે થયા અને દુશ્મનોંના હુમ્લાનો પુરજોશ મુકાબેલો કીધો અને ખુદાતઆલાએ નબીની ફરમાँબરદારી કરવાના સબબ તે સિપાહીઓને ફતેહયાબી અતા ફરમાવી.

નાફરમાન સિપાહીઓની ટુકડી જે આપથી અલગ પડી હતી તેઓ પર દુશ્મનોં ભારી પડા. ઘણા સિપાહીઓ હલાક થયા, ઘણા ઝખ્મી થયા અને ઘણાના હથિયાર-સામાન લૂંટી લેવામાં આવા. **ઘણી ખાના-ખરાબી થઈ અને સિપાહીઓને મારીને દુશ્મનોં નાસી છુટા.** તેમાંથી ચંદ સિપાહીઓ ઝખ્મી થઈને જે વક્ત મૌ. તાલૂત પાસે આવા તો આપે તેઓની નાફરમાની યાદ અપાવી અને જે ગુનાહ કીધો તેની મુઆફી-તૌબા વાસ્તે નસીહત ફરમાવી. પૂરી ઝિંદગી એવા અમલે બદ પર સવાર નહીં થાય તેનો મીસાક લીધો.

મૌ. તાલૂત નબીના હુકમથી રૂગરદાની કરવાની સિપાહીઓને મિનલ્લાહ સઝા હતી. ખુદાતઆલા હમારાથી પણ એવો કોઈ અમલે શયતાની ન કરાવે અને હમને હર પલ હુકમે સાહેબે દાઅવત પર સાબિત કદમ રાખે. ✯

(પેજ નં. ૧૧ નું બાકી)

ધોઈ નાંખે છે. ૫) ઘરમાં દીકરી બાલિગ થાય કે તેનો રિશ્તો કરવામાં જલ્દી કરે. બીજા બહાનાઓ ના સબબ વાલેદૈન પોતાની દીકરી વાસ્તે આવતા બહેતર માંગનાને ન ઠુકરાવે મગર રિશ્તો લઈને આવનાર દીકરાની દીનદારી અને અમાનતદારી જોઈને દીકરી ને દઈ દે. બિલા કોઈ વજેહ રિશ્તો કરવામાં તાખીર થાવાના સબબ દીકરીને ઝિંદગી-ભરનો ખસારો અને નુકસાન ઉઠાવવું પડે છે.

લેહાઝા, નમાઝને અદા કરવામાં, કરઝને ઉતારવામાં, સાઈલને સદકો આપવામાં, મહેમાનની ખાતિરદારી કરવામાં અને બાલિગ દીકરીની રિશ્તેદારી કરવામાં મુમેનીનને જલ્દબાઝી કરવી જોઈએ. આ ખૈરના કામોંમાં જલ્દી કરવું પસંદીદહ અને ફાયદાકુન છે. ✯

મૌ. અલી અને આપની આલે અત્હર (અ.સ.) ની મહબ્બત જન્નતનો દાનો છે.

વસી અને આપની આલ

નબી બાદ વસી શરીઅતના મુખ્તાર અને સરકાર બને છે. નબીના હાથમાં શરીઅતના ઝાહિરી આઅમાલને લોગો દરમિયાન સમઝાવવાની ઝિમ્મેદારી હોય છે અને વસીની ઝિમ્મેદારી તે આઅમાલના બાતિની ઈલ્મને ચુનંદહ લોગોમાં નશર કરવાની હોય છે. નબી બગૈર કોઈ વસી ન બની શકે તેમ વસી બગૈર નબી પોતાના મકસદ તરફ ન પહોંચી શકે. **નબી અકલ છે, તો વસી નફ્સ છે.** અકલને પોતાની તાકત ઝાહિર કરવા નફ્સની ઝરૂરત પડે છે, તેમ નફ્સને તંદુરસ્ત રહેવા વાસ્તે અકલની ઝરૂરત પડે છે. નબીની ઝિંદગીમાં જો વસી ઈન્તેકાલ કરી જાય તો એમની આલે અત્હર-ઔલાદ દીનને સાચવવાની તમામ ઝિમ્મેદારી ઉઠાવી લે છે. **તે ઔલાદ માંથી કોઈ એક ફરઝંદ જે નૂર અને ઈલ્મના વારિસો માલિક હોય એ ઈમામ તરીકે કાઈમ થાય છે અને મુખ્લેસીનના રૂહાની ઊમૂરને સંભાલી લે છે.**

મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ના વસી મૌ. હારૂન (અ.સ.) આપની ઝિંદગીમાં વફાત થયા. મૌ. હારૂનની ઔલાદમાં ઈમામત જારી થઈ. યાઅની મૌ. હારૂનના ફરઝંદો માંથી મૌ. ફિન્હાસ ઈમામતના મન્સબ પર કાઈમ થયા અને તૌરાતના અહકામ મુજબ લોગોને હિદાયત દીધી. મૌ. ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અ.સ.) આપના બાવાજી સાહેબ મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ની ઝિંદગીમાં જ વફાત થયા અને આપના ભાઈ મૌ. ઈસ્હાક (અ.સ.) ની નસલમાં નુબૂવતનો સિલસિલો જારી રહ્યો. મૌ. ઈસ્માઈલ બાદ આપના ફરઝંદ મૌ. કૈઝાર ઈમામ તરીકે આ ખલ્કમાં કાઈમ થયા અને તે આપની જ નસલે પાક છે કે, જેમાં આખિરૂન્નબીયીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) થયા. **ઈમામતમાં છે કે, બાવાજી પછી દીકરા જ ઈમામ બને પણ નુબૂવતમાં આ કાનૂન લાગુ પડતો નથી.**

આ જ મુજબ છઠ્ઠા ફાતેમી ઈમામ મૌ. ઈસ્માઈલ (અ.સ.) આપના બાવાજી મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ની ઝિંદગીમાં જ વફાત થયા, તે પહેલા આપના બાવાજીએ આપના પર નસ્સ કરી દીધી હતી. આપના બાદ આપના ફરઝંદ મૌ. મોહંમદ (અ.સ.) અર્શે ઈમામત પર જલ્વા-અફરોઝ થયા અને **આપની આલે અત્હરમાં કેયામતના દિન તક બાવાજી પછી દીકરા ઈમામો થાતા રહેશે** અને આ દાઅવતે ઈસ્માઈલીયહ તૈયેબીયહ ઈમામે હક્કના હાથ પર કાઈમ થાતી રહેશે અને મુમેનીનને જન્નતોંના રસ્તે લગાવતી રહેશે. ✯

આ ન થઈ શકે તો તે અને તે ન થઈ શકે તો બીજું કઈ.....

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, કોઈ ફરમાઁબરદાર ગુલામને આઝાદ કરવું જેની કીમત ખૂબ ઝિયાદહ હોય તે અજીબ ચીઝ છે. કેમકે, કોનું દિલ એમ ચાહે કે, પોતાના ચહેતા અને ખિદમતગુઝાર ગુલામને આઝાદ કરે! મૌ. અબુઝરિલ ગફ્ફારી (રિ.અ.) એ અરઝ કીધી કે, ખુદાતઆલાની નઝરમાં પ્યારો થાવા કોઈ ગુલામને આઝાદ ન કરી શકે તો એ બીજું શું કરે? આપે ફરમાવું કે, ઘરમાં જે બચેલું જમન હોય તેને અડોશ-પડોશમાં તકસીમ કરીને ભૂખા લોગોનું પેટ ભરે. અરઝ કીધી કે, આ પણ મુમ્કિન ન હોય તો શું કરે? આપે ફરમાવું કે, કોઈ મશ્વરો પૂછવા આવે તો તેને બહેતર રાય આપી, ભલો રસ્તો બતાવીને તેની રાહબરી કરે. અરઝ કીધી કે, આ પણ કોઈ કરી શક્તું ન હોય તો શું કરે? આપે ફરમાવું કે, પોતાની જિસ્માની તાકત-કૂવતથી બીજાને બનતી મદદ કરે. અરઝ કીધી કે, આ પણ જો મુમ્કિન ન બને તો શું કરે? આપે ફરમાવું કે, આખેરત વાસ્તે કઈ પણ કરો યાઅની મઝલૂમને મદદ કરો. અરઝ કીધી કે, કોઈનામાં આ મુજબ કરવાની પણ સુલાહીયત ન હોય તો શું કરે? આપે ફરમાવું કે, રસ્તામાં ચાલતા ચાલતા જે વક્ત કદમમાં કોઈ એવી ચીઝ આવે કે, જેથી એ ઠોકર ખાઈને પડી જાય તો ફૌરન તે ચીઝને રસ્તા માંથી દૂર કરે અને જેથી એને તકલીફ પહોંચી હોય તે બીજા લોગો વાસ્તે તકલીફનો સબબ ન બને તેનો ખયાલ રાખે. અરઝ કીધી કે, અય નબીયલ્લાહ! આ અમલ પણ જો ન થઈ શકે તો શું કરે? આપ નબી સાહેબે ખૂબ જોશમાં આવીને ફરમાવું કે, અય અબાઝર! કોઈ ને તકલીફ કે ઈઝા તો ન પહોંચાવો. જો તમેં કોઈને ખુશ ન રાખી શક્તા હોવ તો તમને કોઈ હક્ક બનતો નથી કે, તમેં કોઈને ઈઝા પહોંચાવો. જો કોઈ આ કરશે યાઅની બીજાને ખુશ કરવાની થોડી પણ કોશિશ કરશે તો તેએ પોતાની જાનનો સદકો અદા કરી દીધો. ✯

સલામ બોલવું, મહબ્બતની ઈબ્તેદા વાસ્તે બહેતરીન નુસ્ખો છે.

અલ મુકદ્દસ સૈયેદના સાહેબ (આ.કુ.) ફરમાવે છે કે,

✳ મુમેનીન! તમેં ગમે તેવી દુનિયાની ડીગ્રીને હાસિલ કરો પણ ઈબાદત અને પરહેઝગારીને ન મુકજો.

✳ મુમેનીન! તમેં અપની મજલિસ અને મહેફિલ સિવાય બીજી કોઈ જગા પર ન જાજો. તમેં એવા બયાન હરગિઝ ન સાંભલજો જે તમારા ઈમાન અને અકીદાને બિગાડી નાંખે.

✳ મુમેનાત! તમેં તમારા ઘરને સાચવજો. બચ્ચાઓની બરાબર તરબીયત કરજો. ઝિયાદહથી ઝિયાદહ વક્ત તમેં તમારા ઘરમાં ગુઝારજો.

✳ મુમેનીન! તમને કબરમાં દુનિયાની દૌલત, માલ-મિલકીયત, સોનું-ચાંદી કે જવાહેરાત વાસ્તે ફરિશ્તાઓ સવાલ નહીં કરે, પણ મુન્કર-નકીર પૂછશે કે, શું તમેં નમાઝ પઢી છે. નમાઝ ખૈરૂલ અમલ છે અને જન્નતમાં જાવાની ચાવી છે.

✳ મુમેનીન! હું તમારો શફીક અને ભલો બાવાજી છું અને તમેં મારા રૂહાની ફરઝંદો છે. મેં તમારૂં ભલું ચાહનાર છું અને હર વક્ત તમારા વાસ્તે દોઆ કરનાર છું. ✯

પૈગામે મસર્રત

કારેઈન સાલેહીન ને મુલ હિજ્જતિલ હરામ મહીનાની બે ઈદો – ઈદુઝ્ઝબીહત (૧૦મી તારીખ) અને ઈદુલ વલાયત (૧૮મી તારીખ) ની ઈબાદત, નેઅમત અને સઆદતની ખુશી-ખુર્રમી મુબારક થાય. ઝબીહત અને વલાયત તે મીસાકનો અહમ હિસ્સો છે. આ ઈદની મસર્રત તે છે કે જેમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની દરજએ વસાયત પર કાઈમ-મકામી અને તાજપોશી હમારા દીન અને ઈમાનની બલંદીનો સબબ બનેલી છે. ✯

યૌમે ગદીર

આલમ મેં શાદમાની હે યૌમે ગદીર કી,
રહેમત બરસ રહી હે ખુદાએ કદીર કી.

ફરમાઈ હુકમ રબ્બ સે નબીને અલી પે નસ્સ,
બયઅત લી આજ સબ સે શહે ઝિન્નાગીર કી.

ફરમાયા જિસકા મૌલા મૈં ઉસકે યે મૌલા હૈં,
તાઅત હે ફર્ઝ સબ પે યે મેરે વઝીર કી.

બખ્શિન અલી કો કેહ દીયા અહેદ લે કે સબને,
તાઅદાદ સત્તર હઝારથી બરનાઓ પીર કી.

નાઝો નેઅમ સે કીહે ગરીબોં કી પરવરિશ,
લી હે ખબર અલીને યતીમો અસીર કી.

હલ્લાલે મુશ્કિલાત કી અલ્લાહ રે સાદગી,
સત્તુ ગિઝા થી ઔર થી બેઠક હસીર કી.

સાઈલ કો દી અંગૂઠી અલીને નમાઝ સે,
અલ્લાહ રે ક્યા સખા થી શહે બેનઝીર કી.

મૌલા ઝકીયુદ્દીન જો નાઈબ હૈં અલી કે,
લેતેં હૈં સબ સે બયઅત શહે દસ્તગીર કી. ✯

અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.

નોંધ : મિશ્કાતુલ-હાદીના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

સાલાના લવાઝેમાત (Yearly Subscription)
₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★